# શ્રી પ્રજાપતિસમાજ (યુ.કે.)

Established 1975 www.spawellingborough.co.uk Charity no. 802570







# વેલીંગબરોશાખાનો સમાચાર પ્રત્ર

અંક૭૫ ઓક્ટોબર ૨૦૦૯

**બધો પ્રત્ર વ્યવાર ધીરૂભાઇ મિસ્ત્રી**

**All written correspondence to: Dhirubhai Mistry, 9 Whernside, Wellingborough, NN8 5QQ Newsletter Editors: English – Satish Mistry, Gujarati – Naresh Lad**

## સ્વાગત

**આપણા સમાજના ઈ.સ.૨૦૦૯ ના ત્રીજા સમાચાર પત્રમાં આપ સર્વેને જયશ્રીક્રિષ્ણ, આ સમાચાર પત્રમાં માહિતી તથા સમાજ ને લગતી અગત્યની સુચનાઓ અને આપણા સમાજની બધીજ પ્રવૃતીનો સમાવેસ કરવામા આવેલ છે. ઉનાળા ના ગરમીના દિવસો પુરા થઇ રહયા છે અને પાનખર ૠતુની શરૂઆતમાં આ સમાચાર પત્રમા તમારા માટે આવતી બધી પ્રવૃતી ની માહિતી છે. .........**

## અગત્યની તારીખો

**૧૫. ૧૦ ૦૯ ધનતેરસ**

**૧૭.૧૦.૦૯ દિપાવલી**

**૧૯.૧૦ ૦૯ નૂતનવર્ષાભિનંદન**

**૧૪.૧૧.૦૯ શાખાની વાર્ષિક પાંટી, કલ્બડાયાના. વેલીંગબરો**

## પ્રમુખ શ્રી નો સંદેસો

વેલીંગબરો દરેક સભ્યો ને અમારા દિવાળીની શુભેચ્છા અને નૂતનવર્ષાભિનંદન. વેલીંગબરો શાખા ના પ્રમુખ તરિકે હું ગર્વ અનુભવુ છું અને આપની સેવા કરવાની જે તક આપે મને આપી છે તે બદલ આપનો આભારી છું. આપણે આપણી ગાડીના પૈંડા લગાવી દિધાછે અને સાથ, સહકાર અને એકતાથી આપણે આગળ વધી શું આપણી સંસ્કૃતિ અને વારસાગત સભાળવા માટે.

આપણો સમાજ છેલ્લા કેટલા વર્ષોથી ઘણો આગળ આવી ગયો છે. સમયને જોઇને આપણા જુવાનો અને મહિલા નો ઘણો એવો ફાળો છે.

આ ખ્યાલમાં રાખી આપણો સમાજ ૩૫મી સંવત્સરી ની ઉજવણી તેયારીમાં છે,જેથી આ તક લઇ સમાજ ના જે બધા સભ્યો એ ભવ્યકાર્ય હાથમાં લીધુ છે.

## સમાજનું બધારણ

આપણા સમાજ શ્રી પ્રજાપતિ સમાજ (યુ.કે) નું બધારણમાં બદલાવ કે ફેરફાર કરવામાં આવ્યા છે. આ ફેરફારની જરૂર ચેરીટી કામીસના કાયાદા ને ખ્યાલમાં રાખી કરવામાં આવ્યા છે. આ બદલાવને ચર્ચા બાદ ૧૭ મી મે વેલસોલ સભામાં સભ્યોની સંમતી મેળવ્યા બાદ શ્રીધીરુભાઇ પાસે થી કોપી મળસે.

## વિહલચેર પ્રોજેક્ટ

લંડન શાખા પ્રજાપતિ લંડન ફોઉંડેશન ના નામે વિહલચેર ભારતમાં મેકલવાનુ કાર્ય હાથમા લીધુ છે. વધુ માહિતી માટે સંપર્ક કરો.........

**રાજ....... ૦૭૯૬૬ ૫૩૮૭૧૭ બીજલ....... ૦૭૮૬૬૪૯૩૨૪૩**

## ફેમિલી ડે આઉટ

આ વર્ષે રવિવાર ૨૮મી જૂને વિક્સ્ટીડ પાર્ક, કેટરીંગ મુકામે હતો. વાતાવરણ સારૂ હોવાને કારણે સભ્યો ની સંખ્યાનો આકળો વધુ પ્રમાણમાં હતો અને આ સમાજની એકતાની તાકાત છે. વેલીગબરો શાખા નજીકની શાખા હોવને કારણે તે શાખાના સભ્યો પહેલા જઇને સગવળ કરી તેમાટે સર્વે સભ્યોને ધન્યવાદ.

બારબાક્યુ તેમજ પીણા અને બાળકો મટે રમત ગમત અને રગબીશાખાએ બીંનગો રમની સગવળ કરી હતી એટલે ઘણી મઝા આવી હતી, સાથે સાથે બાળકોમાટે પાર્કમાં રાઇડ્સ પણ હતી.

આ ગર્વની વાત છે અને આપણા બધી શાખાના સભ્યો મળી ઘણો આનંદ થયો છે.

## વુમન ઇન રેડ અને મેન ઇન બ્લ્ક ફાન્સીડ્રેસ પાર્ટી

આ વર્ષે આગામી સમાજની પાર્ટી ૧૪ નવેમબર ૨૦૦૯, ક્લ્બ ડાયાના, વેલીગબરોમાં છે તેની નોધ લેશો થીમ છે .વુમન ઇન રેડ અને મેન ઇન બ્લેક.ટિકિટો મળશે..સતિષ મિસ્ત્રી ૦૭૯૦૯૫૩૭૦૯૪. નરેશ લાડ ૦૭૯૬૧૩૪૬૯૪૧, નાનુભાઇ મિસ્ત્રી ૦૭૯૮૦૫૭૧૫૨૧ અને ભુપેન્દ્રભાઇ મિસ્ત્રી ૦૭૯૫૮૫૭૫૬૩૨.

## સ્પોર્ટ ડે

આ વર્ષ ના વાર્ષિક રમત-ગમતના દિવસે આપણી શાખાના ભાગ લેનાર ઓછા હતા છતા પણ શાખા એ ૪ ટ્રોફી એક રનરસઅપ અને ફેરપ્લે શાખાનો પણ એવોડ્સ મલ્યો છે. મિરા મિસ્ત્રી બેનમીંગટન મા જીતી ગયા, છેલ્લા ચાર વર્ષથી વિવેક જુનીયર ચેસ ની હરીફાઇ જીતી આવે છે અને મિકેશ પુલ ની હરીફાઇ જીતી આવે છે અને રતીભાઇ કેરમ ની હરીફાઇ જીતી આવે છે. દરેક ને અભિનંદન.

## લેડીઝ નઇટ આઉટ

આ વર્ષે જુલાઇ મહિનામાં કાજલ પ્રજાપતિ એ લેડીઝ નાઇટ આઉટ ની શરૂઆત કરી છે આ પણ સારી પ્રવૃતિ છે જો આપને ભાગ લેવો હોય તો કાજલ ને સંપર્ક કરવા વિનતિ.

## ચેરીટી ડોનેશન

જુન મહિનામં શાખાના સ્ભ્યો વેનડલ વેક અને માતાજી ની કથા માંથી ૫૦૧, પૌડ નુ દાન પોસ્ટ્રેટ કેનસર ચેરીટી આપ્યુ હતુ. અને એવુજ ૫૦૧, પૌડ નુ દાન ૧૪ મી નવેમબરે બ્રીટશિ હાર્ટ ફોઉંડેશન ને પણ આપવામા આવસે.

**શ્રી પ્રજાપતિ સમાજ વેલીગબરો શાખા**